GUJARAT EDUCATION TECHNOLOGIES
TECHNOLOGY DRIVEN LEARNING
ગુજરાત સરકારની કંપની

(CIN: U80903GJ2021SGC120988)

## ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

# પ્રથમ વાર્ષિક અહેવાલ

(તા.૦૯/૦૩/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ સુધીના સમયગાળા માટે)

**નોંધાયેલી કચેરી:**

વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર
ગુજરાત - ૩૮૨ ૦૨૧

# G-SHALA

GUJARAT STUDENTS' HOLISTIC ADAPTIVE LEARNING APP




- વિજ્ઞાનના એનિમેશન સાથેના પ્રયોગો
- 2D/3D એનિમેશન સાથે તમામ વિષયોનું ઇ-કન્ટેન્ટ;
- બાળકના અભ્યાસ પર વાલીને રીયલટાઇમ માહિતી
- ગુજરાત બોર્ડ (GSHSEB) માન્ય અભ્યાસક્રમ
- અધ્યયન નિષ્પત્તિ આધારિત ઇ-કન્ટેન્ટ
- પ્રકરણ આધારિત ઇ-બુક્સ

# ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

**(CIN: U80903GJ2021SGC120988)**

GUJARAT EDUCATION TECHNOLOGIES

TECHNOLOGY DRIVEN LEARNING

**ગુજરાત સરકારની કંપની**

# પ્રથમ વાર્ષિક અહેવાલ

**(09/03/2021 થી 31/03/2022ના સમયગાળા માટે)**

---

**: નોંધાયેલી કચેરી :**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર–19,**

**ગાંધીનગર, ગુજરાત–382021**

# ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

**(CIN: U80903GJ2021SGC120988)**

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન ક્રમાંક |
|---|---|---|
| ૧. | કોર્પોરેટ માહિતી | ૧ |
| ૨. | મુલતવી રખાયેલ પ્રથમ વાર્ષિક સાધારણ સભાની બેઠકના આયોજન અંગેની નિવિદા | ૩–૬ |
| ૩. | બોર્ડ રિપોર્ટ | ૭–૧૩ |
| ૪. | C&AG રિપોર્ટ | ૧૪–૧૫ |
| ૫. | સ્વતંત્ર ઓડિટરનો અહેવાલ | ૧૬–૨૦ |
| ૬. | સરવૈયું | ૨૧–૨૨ |
| ૭. | નફો અને નુકસાન ખાતું | ૨૩–૨૫ |
| ૮. | નાણાંકીય વિગતો અંગેની નોંધ | ૨૬–૪૦ |
| ૯. | પ્રોક્સી (MGT-11) | ૪૧–૪૨ |
| ૧૦. | હાજરીપત્રક | ૪૩ |
| ૧૧. | ટૂંકી નિવિદા ફોર્મ | ૪૪ |

# કોર્પોરેટ માહિતી

## (A) નિયામક મંડળ (20મી જૂન, 2023 મુજબ):

| ક્રમ | ડિરક્ટરનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | **ડૉ.વિનોદ રાવ**, IAS<br>સચિવ, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),<br>શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર | ચેરમેન |
| ૨. | **ડૉ.રતનકંવર ગઢવીચારણ**, IAS<br>સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા,<br>ગુજરાત સરકાર | મેનેજિંગ ડિરેક્ટર |
| ૩. | **શ્રીમતી અંકિતાબેન સંગાડા**<br>નાણાંકીય સલાહકાર, શિક્ષણ વિભાગ,<br>ગુજરાત સરકાર | ડિરેક્ટર |
| ૪. | **શ્રી મહેશકુમાર આઈ. જોશી**<br>નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,<br>ગુજરાત સરકાર | ડિરેક્ટર |
| ૫. | **શ્રી ડી.એસ. પટેલ**<br>નિયામક, જીસીઈઆરટી (GCERT),<br>ગુજરાત સરકાર | ડિરેક્ટર |

**વૈધાનિક ઓડિટર્સ:**

મેસર્સ શાહ પટેલ શુક્લા એન્ડ એસોસિએટ્સ,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ,
ગાંધીનગર

**બેંકર્સ:**

ઈન્ડિયન બેંક,
સેક્ટર–21, ગાંધીનગર

**નોંધાયેલી કચેરી:**

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર–19,
ગાંધીનગર, ગુજરાત–382021

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ**
**(CIN:U80903GJ2021SGC120988)**
**રજિસ્ટર્ડ ઓફિસ:વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર–19, ગાંધીનગર, ગુજરાત–382021.**
**રાજ્યઃ ગુજરાત**
**મોબાઇલ(O): 9825212021**
**ઈમેલ– *getgujarat@gmail.com***

## સભ્યશ્રીઓ માટેની નિવિદા

આથી સૂચિત કરવામાં આવે છે કે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (**GET**) ના સભ્યોની પ્રથમ વાર્ષિક સાધારણ સભાની બેઠક **26મી જૂન, 2023 ના રોજ સાંજે 5.00 કલાકે વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર–19, ગાંધીનગર, ગુજરાત** ખાતે નીચેના એજન્ડા પર કાર્યવાહી માટે યોજાનાર છે:

**સાધારણ એજન્ડા:**

૧. 31મી માર્ચ, 2022ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે કંપનીનું ઓડિટ થયેલ નાણાંકીય વિવરણ (Standalone) મેળવવું, ધ્યાનમાં લેવું અને તેના પર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ઓડિટર અને C&AG તરફથી મળેલ અહેવાલો સાથે સ્વીકારવું.

૨. નાણાંકીય વર્ષ 2022-23 માટે, C&AG દ્વારા નિયુક્ત કરાયેલ કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર્સનું મહેનતાણા પર વિચાર કરીને મહેનતાણું નિયત કરવું.

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ(GET)ના**

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી**

**તારીખઃ 26/06/2023**

**સ્થળઃ ગાંધીનગર** **સહી/–**

**મેનેજિંગ ડિરેક્ટર**

**નોંધ**:

૧. બેઠકમાં રજૂ થનાર વિશેષ એજન્ડાના સંદર્ભમાં કંપની એક્ટ, 2013 ની કલમ 102(1)અનુસાર સંબંધિત સ્પષ્ટીકરણ નિવેદન આ સાથે જોડવામાં આવ્યાં છે, જે આ નિવિદાનો એક ભાગ છે.

૨. હાજરી આપવા અને મત આપવા માટે હકદાર સભ્ય પોતાને બદલે મતદાનમાં હાજરી આપવા અને મત આપવા માટે પ્રોક્સીની નિમણૂક કરવાનો હકદાર છે અને પ્રોક્સી કંપનીનો સભ્ય હોવો જરૂરી નથી. બેઠકની અસરકારકતા માટે પ્રોક્સીની વિગતો બેઠકના અડતાલીસ (48)કલાક પહેલાં કંપનીનેમળી જવી જોઈએ. લિમિટેડ કંપનીઓ, સોસાયટીઓ, વગેરે વતી રજૂ કરાયેલ પ્રોક્સીની વિગતો, સંબંધિત યોગ્ય ઠરાવો/સત્તામંડળ દ્વારા અધિકૃત કરેલ હોવા જોઈએ.

૩. સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સભામાં તેમનું હાજરીપત્રક યોગ્ય રીતે ભરીને તેમાં વિગતો દર્શાવી સહી કરે.

૪. સંયુક્ત ધારકો બેઠકમાં હાજરી આપે તેવા કિસ્સામાં, ફક્ત એવા સંયુક્ત ધારક કે જેઓ નામના ક્રમમાં આગળ હોય તે જ બેઠકમાં મત આપવા માટે હકદાર રહેશે.

૫. નિવિદા સાથેની સૂચનામાં ઉલ્લેખિત સંબંધિત દસ્તાવેજો અને સ્પષ્ટીકરણ આપતા નિવેદનો બેઠકની તારીખ સુધીના કામકાજના કલાકો દરમિયાન કંપનીની રજિસ્ટર્ડ ઑફિસમાં સભ્યોના નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે.

૬. કંપની અધિનિયમ, 2013 ની કલમ 113 અનુસાર બેઠકમાં હાજરી આપવા માટે તેમના અધિકૃત પ્રતિનિધિઓને મોકલવા ઇચ્છતા કોર્પોરેટ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના પ્રતિનિધિ(ઓ)ને બેઠકમાં હાજરી આપવા અને તેમના વતી મત આપવા માટે અધિકૃત કરતા સંબંધિત નમૂનામાં સહીઓ સાથે સંબંધિત બોર્ડના ઠરાવની પ્રમાણિત નકલ કંપનીને મોકલે.

૭. હિસાબો સંબંધિત કોઈપણ માહિતી મેળવવા માંગતા સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વહેલી તકે કંપનીને પત્ર લખે, જેથી મેનેજમેન્ટને બેઠકમાં માહિતી તૈયાર રાખવામાં સરળતા રહે.

૮. ઉપરોક્ત મુદ્દા (1 અને 2) (પરિશિષ્ટ–A) માટેની સમજૂતી નિવિદાના ભાગ રૂપે આ સાથે જોડવામાં આવી છે.

## પરિશિષ્ટ–A

## સાધારણ એજન્ડા અંગે સમજૂતી

**મુદ્દા ક્રમાંક. 1:**

**31મી માર્ચ, 2022ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે કંપનીનું ઓડિટ થયેલ નાણાંકીય વિવરણ (Standalone) મેળવવું, ધ્યાનમાં લેવું અને તેના પર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ઓડિટર અને C&AG તરફથી મળેલ અહેવાલો સાથે સ્વીકારવું:**

કંપની અધિનિયમ, 2013ની કલમ 96 ની જોગવાઈ મુજબ, 31મી માર્ચ, 2022ના રોજ પૂર્ણ થતા પ્રથમ નાણાંકીય વર્ષ માટે કંપનીના સભ્યો/શેરધારકોની પ્રથમ વાર્ષિક સાધારણ સભા (AGM) 31મી ડિસેમ્બર, 2022ના રોજ અથવા તે પહેલાં યોજવી જરૂરી હતી. વાર્ષિક સાધારણ સભામાં, કંપનીએ ૩૧મી માર્ચ, 2022ના રોજ પૂરા થતા વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડિટર્સ, C&AG, ડિરેક્ટર્સના અહેવાલો સાથે વાર્ષિક નાણાંકીય વિવરણની વિગતો રજૂ કરવાની રહે છે.

31મી માર્ચ, 2022ના રોજ પૂરા થતા પ્રથમ નાણાંકીય વર્ષ માટેના GETના હિસાબો, C&AG દ્વારા નિયુક્ત કરાયેલા સ્ટેચ્યુટરી ઓડિટર્સ, મેસર્સ શાહ પટેલ શુક્લા અને એસોસિએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદ દ્વારા 23મી ડિસેમ્બર, 2022ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. આમ, 31મી ડિસેમ્બર, 2022ના રોજ અથવા તે પહેલાં પ્રથમ નાણાંકીય વર્ષ માટેના નાણાંકીય નિવેદનો પર C&AGનો અંતિમ અહેવાલ પ્રાપ્ત કરવો અને મૂકવો શક્ય નહોતું.

તેથી, પ્રથમ નાણાંકીય વર્ષ માટેની વાર્ષિક સાધારણ સભા 23મી ડિસેમ્બર, 2022ના રોજ યોજવામાં આવી હતી અને પ્રથમ વાર્ષિક સાધારણ સભાને મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને GETના 31મી માર્ચ, 2022 ના રોજ પૂર્ણ થતા પ્રથમ વર્ષના હિસાબો પર C&AGની ટિપ્પણીઓ/રિપોર્ટ મળ્યા પછી તે મુલતવી રાખેલી વાર્ષિક સાધારણ સભાની બેઠક યોજવાનું નિર્ધારિત થયેલ.

પ્રથમ નાણાંકીય વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડિટરના અહેવાલ સાથે નાણાંકીય હિસાબોનું વિવરણ C&AG ને રજૂ કરવામાં આવ્યું હતું. C&AG એ 31મી માર્ચ, 2022 ના રોજ પૂર્ણ થતા પ્રથમ નાણાંકીય વર્ષ માટે GET ના નાણાંકીય હિસાબો પર તેમનું પૂરક ઓડિટ પૂર્ણ કર્યું છે.

GET ને ૩૧મી માર્ચ, 2022 ના રોજ પૂરા થતા પ્રથમ નાણાંકીય વર્ષ માટેના નાણાંકીય હિસાબો પર C&AG તરફથી C&AG પત્રક્રમાંકઃ તકનિકી સહયોગ સેલ/એસ-2/ટિપ્પણીઓ/જીઈટી/૨૦૨૧-૨૨/ઓડબલ્યુ-233 તા.23/02/2023થી “Nil Comment Certificate” પ્રાપ્ત થયું છે.

ઉપરોક્ત હિસાબો બોર્ડના અહેવાલ, સ્ટેચ્યુટરી ઓડિટરના અહેવાલ અને C&AG ના અહેવાલ સાથે શેરધારકો દ્વારા મંજૂર કરવાના થાય છે. સદર હિસાબો કંપની રજિસ્ટ્રારની કચેરીમાં પણ ફાઇલ કરવામાં આવશે અને વિધાનસભામાં પણ રજૂ કરવામાં આવશે.

તેથી, નીચેના ઠરાવને સામાન્ય ઠરાવ તરીકે ધ્યાનમાં લેવા સભ્યોને વિનંતી કરવામાં આવે છે,અને જો તેઓને યોગ્ય લાગે તો ઠરાવ પસાર કરીએઃ

“આથી ઠરાવ કરવામાં આવે છે કે 31મી માર્ચ, 2022ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે કંપનીના ઓડિટ થયેલ નાણાંકીય હિસાબો (standalone) એટલે કે ૩૧મી માર્ચ 2022ની સ્થિતિએ સરવૈયું, પ્રથમ નાણાંકીય વર્ષનો નફો અને નુકસાન ખાતું. એટલે કે 09/03/2021 થી 31/03/2022 ના સમયગાળા માટે તેના સમયપત્રક સાથે, મહત્વની હિસાબી નીતિઓ અને હિસાબોની નોંધો બોર્ડના અહેવાલ, સ્ટેચ્યુટરી ઓડિટર્સનો અહેવાલ અને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલ સાથે, ધ્યાને લઈને સ્વીકૃતિ આપવામાં આવે છે."

**મુદ્દા ક્રમાંક. 2:**

**નાણાંકીય વર્ષ 2022-23 માટે, C&AG દ્વારા નિયુક્ત કરાયેલ કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર્સનું મહેનતાણા પર વિચાર કરીને મહેનતાણું નિયત કરવું:**

કંપની અધિનિયમ, 2013 ની કલમ 139(5) મુજબ, સરકારી કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક નાણાંકીય વર્ષ શરૂ થયાના 180 દિવસની અંદર ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા કરવાની હોય છે. અને કંપની અધિનિયમ, 2013ની કલમ 142(1) મુજબ, સ્ટેચ્યુટરી ઓડિટર્સનું મહેનતાણું શેરધારકો દ્વારા વાર્ષિક સાધારણ સભામાં નિયત કરવાનું હોય છે.

C&AG દ્વારા પત્રક્રમાંક: સીએ.૬/સીઓવાય/ગુજરાત, જીઇટીએલ (1)/1119, તારીખ 08/09/2022થી મેસર્સ શાહ પટેલ શુક્લા એન્ડ એસોસિએટ્સ (WR4178), ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદને નાણાંકીય વર્ષ 2022-23માટે સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે નિયુક્ત કરવામાં આવેલ.

મેસર્સ શાહ પટેલ શુક્લા એન્ડ એસોસિએટ્સ, સ્ટેચ્યુટરી ઓડિટર્સે તેમના 7મી નવેમ્બર, 2022ના પત્રથી નાણાંકીય વર્ષ 2022-2023 માટે કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે તેમની નિમણૂક માટે જરૂરી એકરારનામા સાથે તેમનો સ્વીકૃતિ પત્ર રજૂ કર્યો હતો.

ગત વર્ષ એટલે કે વર્ષ 2021-22 માટે સ્ટેચ્યુટરી ઓડિટરનું મહેનતાણું રૂા. 20,000/- વત્તા GST અને કંપની કામે ખરેખર થયેલ પદરના ખર્ચ સાથેનું મહેનતાણું નિયત થયેલ હતું. તે જ મહેનતાણું રૂા. 20,000/- વત્તા GST અને ખરેખર થયેલ ખિસ્સામાંથી ખર્ચ સાથેનું મહેનતાણું વર્ષ 2022-23 માટે નિયત કરવાની દરખાસ્ત છે.

સભ્યોને આ અંગે યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરવામાં આવે છે અને જો યોગ્ય લાગે તો, નીચેના ઠરાવને સુધારા સાથે અથવા વગર સામાન્ય ઠરાવ તરીકે પસાર કરીએ:

"આથી ઠરાવ કરવામાં આવે છે કે C&AG ના પત્રક્રમાંક: સીએ.૬/સીઓવાય/ગુજરાત, જીઇટીએલ (1)/1119 તા.08/09/2022 મુજબમેસર્સ શાહ પટેલ શુક્લા એન્ડ એસોસિએટ્સ (WR4178), ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદની નાણાંકીય વર્ષ 2022-23 માટે સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે કરાયેલ નિમણૂકની સભ્યો નોંધ લે છે. અને નાણાંકીય વર્ષ 2022-23 માટે રૂા. 20,000/- વત્તા GST અને ખરેખર થયેલ out of pocket expenses સાથેના મહેનતાણાને આથી મંજુરી આપવામાં આવે છે"

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (GET)ના**
**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી**
**સહી/-**
**મેનેજિંગ ડિરેક્ટર**

**તારીખ: 26/06/2023**
**સ્થળ: ગાંધીનગર**

## <u>ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ</u>

**(CIN: U80903GJ2021SGC120988)**

## <u>બોર્ડ રિપોર્ટ</u>

પ્રતિ,

સભ્યશ્રીઓ,

31મી માર્ચ, 2022 ના રોજ પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ માટે કંપનીના બિઝનેસ અને ઓપરેશન તેમજ હિસાબો અંગેનો પ્રથમ વાર્ષિક અહેવાલ રજૂ કરતા ડિરેક્ટર્સ આનંદ અનુભવે છે.

### ૧. કંપનીની રચના:

ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (GET) ની સ્થાપના ૯મી માર્ચ, 2021ના રોજ ગુજરાત સરકારના 100% હિસ્સા સાથે ટેકનોલોજી આધારિત ઈ–લર્નિંગ સિસ્ટમ સ્થાપિત કરવા તેમજ ટેક્નોલોજી અને ઈ–કન્ટેન્ટ પ્રોવાઈડર્સની મદદ, સહયોગ અને ભાગીદારી સાથે ગુણવત્તાયુક્ત ઈ–કન્ટેન્ટ પૂરા પાડવા અને પોસાય તેવા ભાવે ઓનલાઈન શિક્ષણ પ્રણાલી માટે માળખું રચવા માટે કરવામાં આવી હતી.

### ૨. કંપનીનો નાણાંકીય સારાંશ અથવા વિશેષ મુદ્દાઓ/પ્રદર્શન (Stand-alone):

બોર્ડ અહેવાલ કંપનીના નાણાંકીય હિસાબોના વિવરણના આધારે તૈયાર કરવામાં આવેલ છે.

(રકમ રૂપિયામાં)

| **વિગત** | **31.03.2022ના રોજ પૂર્ણ થતું પ્રથમ નાણાંકીય વર્ષ** |
|---|---|
| કંપની ઓપરેશનથી થયેલ આવક (A) | 25,483 |
| અન્ય આવક (B) | 4,72,940 |
| કુલ આવક(A)+(B) | 4,98,423 |
| કુલ ખર્ચ | 3,36,855 |
| ટેક્સ પહેલા નફો/નુકશાન (+/-) | **1,61,568** |
| ટેક્સ અંગે ખર્ચ | 42,008 |
| વર્ષ માટે નફો/નુકશાન(+/-) | **1,19,560** |
| શેર દીઠ કમાણી/નુકશાન બેઝિક/ડાયલ્યુટેડ(+/-) | **11.956** |

### ૩. વર્ષ દરમિયાન થયેલ કામગીરીની વિગતો:

ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (GET) એ કંપની અધિનિયમ, 2013 ની જોગવાઈઓ હેઠળ રચાયેલ કંપની છે અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાની ઈ–લર્નિંગ સામગ્રી પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે તેની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ 2021-22 દરમિયાન, GET એ સમગ્ર શાળાકીય શિક્ષણ વ્યવસ્થા માટે એટલે કે ધોરણ–૧ થી ૧૨ના ઈ–કન્ટેન્ટ સાથે લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS); ગુજરાત સ્ટુડન્ટ્સ હોલિસ્ટિક એન્ડ એડેપ્ટિવ લર્નિંગ એપ (G-Shala) વિકસાવીને સમગ્ર ગુજરાતમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ઈ–કન્ટેન્ટ અથવા ડિજિટલ લર્નિંગ સોલ્યુશન પ્રદાન કરવા; સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે અને સરકારી શાળાઓ સિવાયની અન્ય શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નજીવા શુલ્ક પર પૂરી પાડેલ છે. તા.09.06.2021 ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે G-Shala નો શુભારંભ

કરવામાં આવ્યો હતો. શુભારંભના 3-4 મહિનાની અંદર G-Shala માટે 30 લાખથી વધુ યુઝર્સ નોંધાયા છે. G-Shala એનિમેટેડ વિડીયો (2D અને/અથવા 3D), સંદર્ભ/પૂરક કન્ટેન્ટ, કન્ટેન્ટનું અધ્યયન નિષ્પત્તિ આધારિત મેપિંગ, ઈન્ટરેક્ટિવ કન્ટેન્ટ, પ્રયોગશાળા/પ્રયોગાત્મક સિમ્યુલેશન્સ, શિક્ષકો માટે વર્ગખંડ સજ્જતા મોડ્યુલ, શિક્ષક કેન્દ્રિત તેમજ સ્વ–અધ્યયન વિડીયો અને વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે અભ્યાસ કરી શકે તે માટે સ્વ–મૂલ્યાંકન મોડ્યુલ ધરાવે છે, આ ઉપરાંત કોઇ પણ પ્લેટફોર્મ અને ડિવાઇસ પર ઉપયોગ કરી શકાય તે રીતે તેયાર કરાયેલ છે. તે ડેશબોર્ડ અને એમઆઈએસ રિપોર્ટ્સ પણ પૂરા પાડે છે જે કન્ટેન્ટના ઉપયોગનું નિરીક્ષણ અને ટ્રેકિંગ તેમજ દરેક વિદ્યાર્થીના વ્યક્તિગત શૈક્ષણિક સ્તર જાણવામાં સક્ષમ કરે છે. સમગ્ર શાળાકીય શિક્ષણ પ્રણાલી માટે ઈ–કન્ટેન્ટ એટલે કે ધોરણ–૧ થી ૧૨ ના વર્ગખંડ વ્યવહાર તરીકે તેમજ લાયબ્રેરી–આધારિત સંગ્રહ સ્વરૂપમાં શૈક્ષણિક મુશ્કેલીના સ્તર, વિષય અને વિષયાંગ પર આધારિત યોગ્ય અનુક્રમણિકા સાથે ઉપલબ્ધ છે.

**૪. કંપનીના વ્યવસાયની પ્રકૃતિમાં ફેરફાર, જો કોઈ હોય તો:**

વર્ષ દરમિયાન કંપનીના વ્યવસાયની પ્રકૃતિમાં કોઈ ફેરફાર થયો નથી.

**૫. ડિવિડન્ડ:**

કંપનીના ડિરેક્ટર્સ 31મી માર્ચ, 2022ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે કોઈ ડિવિડન્ડની ભલામણ કરતા નથી.

**૬. અનામત ભડોળ:**

તમારી કંપનીએ વર્ષ દરમિયાન રૂા.1,19,560/- નો નફો મેળવ્યો છે. નફાની સંપૂર્ણ રકમ અનામત ભડોળ અને સરપ્લસ એકાઉન્ટ હેડ હેઠળ દર્શાવવામાં આવી છે.

**૭. શેર મૂડી:**

કંપનીની અધિકૃત શેર મૂડી રૂા.10,00,000/- (રૂપિયા દસ લાખ) ને દરેક શેરના રૂા.10/-લેખે કુલ 1,00,000 (એક લાખ) ઈક્વિટી શેરમાં વિભાજિત કરીને કંપનીની જારી, સબસ્ક્રાઇબ કરેલ અને ચૂકવેલ શેર મૂડી રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ) ને દરેક શેરના રૂ. 10/- લેખે કુલ 10,000 (દસ હજાર) ઈક્વિટી શેરમાં 31મી માર્ચ, 2022ના રોજ વિભાજિત કરવામાં આવેલ છે.

**૮. ડિરેક્ટર્સ અને મુખ્ય વ્યવસ્થાપક કર્મચારી:**

09/03/2021 થી અહેવાલની તારીખ સુધી, સમયાંતરે રાજ્ય સરકારના આદેશો અનુસાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જે ફેરફારો થયા છે તે પરિશિષ્ટ – A પર સામેલ રાખવામાં આવ્યા છે.

**૯. કર્મચારીઓની વિગતો:**

સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન કંપની પાસે કંપની અધિનિયમ, 2013 ની કલમ 197 હેઠળ, કંપની (વ્યવસ્થાપક કર્મચારીઓ નિમણૂક અને મહેનતાણું) નિયમો, 2014 સાથે વાંચવામાં આવેલ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ મહેનતાણું પ્રાપ્ત કરનાર કોઈ કર્મચારી ન હતો.

**૧૦. બેઠકો:**

વર્ષ દરમિયાન બોલાવેલી અને યોજાયેલી બોર્ડ બેઠકોની વિગતો નીચે મુજબ છે.

| બોર્ડ બેઠક | તારીખ |
|---|---|
| પ્રથમ બોર્ડ બેઠક | 16/03/2021 |
| બીજી બોર્ડ બેઠક | 06/08/2021 |
| ત્રીજી બોર્ડ બેઠક | 27/12/2021 |
| ચોથી બોર્ડ બેઠક | 29/03/2022 |

## ૧૧. સમિતિઓ:

**(A) જાતીય સતામણી અંગેની આંતરિક સમિતિ**

જાતીય સતામણી સંદર્ભમાં આંતરિક સમિતિ GET દ્વારા રચવામાં આવી છે.

ઓડિટ કમિટી, નોમિનેશન અને મહેનતાણા કમિટી અને કોર્પોરેટ સામાજિક જવાબદારી કમિટી માટે કંપની એક્ટ, 2013ની જોગવાઈઓ તમારી કંપનીને લાગુ પડતી નથી.

## ૧૨. બોર્ડ મૂલ્યાંકન:

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની નિમણૂકો/નોમિનેશન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલય, ભારત સરકારની તારીખ 05.06.2015ની સૂચના મુજબ, સરકારી કંપનીઓને કંપની અધિનિયમ, 2013ની કલમ 134 ની પેટા કલમ 3ની શરત (p) ની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવી છે. તમારી કંપની સરકારી કંપની હોવાને કારણે, બોર્ડ મૂલ્યાંકનને લગતી જોગવાઈ લાગુ પડતી નથી.

## ૧૩. ઓડિટર અને C&AG અહેવાલ:

**(A) ઓડિટર્સનો અહેવાલ:**

મેસર્સ શાહ પટેલ શુક્લા એન્ડ એસોસિએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, અમદાવાદને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા 31મી માર્ચ, 2022ના રોજ સમાપ્ત થતા પ્રથમ નાણાંકીય વર્ષ માટે કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સ્ટેચ્યુટરી ઓડિટર્સે 29/12/2022 ના રોજ પ્રથમ નાણાંકીય વર્ષ માટે કંપનીના નાણાંકીય હિસાબો પર તેમનો અહેવાલ આપ્યો છે. સ્ટેચ્યુટરી ઓડિટર્સ રિપોર્ટમાં કોઈ નોંધનીય અથવા પ્રતિકૂળ ટિપ્પણીઓ નથી.

**(B) C & AG અહેવાલ / ટિપ્પણીઓ:**

GET ને C&AG તરફથી પત્રક્રમાંક: તકનિકી સહયોગ સેલ/એસ-2/ટિપ્પણીઓ/જીઇટી/૨૦૨૧-૨૨/ઓડબલ્યુ-233 તારીખ 23/02/2023 દ્વારા 31મી માર્ચ, 2022 ના રોજ પૂર્ણ થતા પ્રથમ નાણાંકીય વર્ષ માટેના નાણાંકીય હિસાબો પર **"Nil Comment Certificate"** પ્રાપ્ત થયું છે.

## ૧૪. જોખમ વ્યવસ્થાપન નીતિ:

કંપનીએ કોઈપણ જોખમ વ્યવસ્થાપન નીતિનો અમલ કર્યો નથી કારણ કે કંપનીની કામગીરીમાં કોઈ ઉત્પાદન અથવા બાંધકામ સંબંધિત પ્રવૃત્તિઓ સામેલ નથી.

## ૧૫. વાર્ષિક વળતરનો સારાંશ:

કંપની અધિનિયમ, 2013 ની કલમ 92(3) ની જોગવાઈ મુજબ, કંપની (સંચાલન અને વહીવટ) નિયમો, 2014 ના નિયમ 12(1) સાથે વંચાણે લેતાં, કંપનીની વેબસાઇટ પર વાર્ષિક વળતર મૂકવામાં આવશે. જેની વેબલિંક https://getgujarat.in છે

## ૧૬. કંપનીની નાણાંકીય સ્થિતિને અસર કરતા ભૌતિક ફેરફારો અને પ્રતિબદ્ધતાઓ:

પ્રોજેક્ટ ખર્ચમાં ફેરફાર સિવાય સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન કંપનીની નાણાંકીય સ્થિતિને અસર કરતા કોઈ ભૌતિક ફેરફારો અને પ્રતિબદ્ધતાઓ નથી.

## ૧૭. નિયમનકારો અથવા અદાલતો અથવા ટ્રિબ્યુનલ્સ દ્વારા કંપની હિતને અસર કરતા પસાર કરવામાં આવેલા નોંધપાત્ર અને ભૌતિક આદેશો:

વર્ષ દરમિયાન નિયમનકારો અથવા અદાલતો અથવા ટ્રિબ્યુનલ્સ દ્વારા ભવિષ્યમાં કંપનીના હિત અને કામગીરીને અસર કરતા કોઈ મહત્વપૂર્ણ અને ભૌતિક આદેશો પસાર કરવામાં આવ્યા નથી.

**૧૮. કલમ 186 હેઠળ કંપની દ્વારા લેવામાં આવેલ લોન, ગેરંટી અથવા રોકાણની વિગતો:**

લોનની વિગતો: NIL

રોકાણોની વિગતો: – NIL

પૂરી પાડવામાં આવેલ ગેરંટી/સુરક્ષાની વિગતો: NIL

**૧૯. નાદારી અને ફડચા કોડ 2016 હેઠળ કરવામાં આવેલી અરજી અથવા કાર્યવાહીની વિગતો:**

સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન, નાદારી ફડચા સંહિતા, 2016 હેઠળ કંપનીના નામ પર કોઈ અરજીઓ અથવા કાર્યવાહી બાકી ન હતી.

**૨૦. થાપણોની વિગતો**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, તમારી કંપનીએ કંપની (થાપણોની સ્વીકૃતિ) નિયમો, 2014 સાથે વંચાણે લીધેલ કંપની અધિનિયમ, 2013 ની કલમ 73ની મર્યાદામાં આવતી કોઈપણ થાપણો સ્વીકારી નથી.

**૨૧. સંબંધિત પક્ષકારો સાથેના કરારો અથવા વ્યવસ્થાની વિગતો:**

નાણાંકીય વર્ષ 2021-22 દરમિયાન કંપની અધિનિયમ, 2013 ની કલમ 188 ની પેટા–કલમ (1) માં ઉલ્લેખિત સંબંધિત પક્ષકારો સાથે કંપની દ્વારા કરાયેલા દરેક કરાર અથવા વ્યવસ્થાની વિગતો NIL છે.

**૨૨. ઊર્જા સંરક્ષણ, ટેકનોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવક:**

ઊર્જા સંરક્ષણ, ટેક્નોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવકની વિગતો પરિશિષ્ટ– **B** પર સામેલ રાખવામાં આવી છે.

**૨૩. કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR):**

કંપની અધિનિયમ, **2013** ની કલમ **135** ની જોગવાઈઓ અને કોર્પોરેટ સામાજિક જવાબદારી સંબંધિત નિયમો, તમારી કંપનીને લાગુ પડતા નથી.

**૨૪. સચિવાલય ઓડિટ અહેવાલ:**

કંપની અધિનિયમ, **2013** ની જરૂરિયાતો અનુસાર પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઓ દ્વારા સેક્રેટરીયલ ઓડિટની જોગવાઈઓ તમારી કંપનીને લાગુ પડતી નથી.

**૨૫. ડિરેક્ટરની જવાબદારીનું નિવેદન:**

કંપની અધિનિયમ, **2013** ની કલમ **134** ની પેટા–કલમ (**3**) ની કલમ (**c**) માં ઉલ્લેખિત ડિરેક્ટર્સની જવાબદારીનું નિવેદન આ મુજબ છે–

a) વાર્ષિક હિસાબોની તૈયારીમાં, લાગુ પડતા હિસાબી ધારાધોરણોનું પાલન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે ધારાધોરણોમાં ફેરફાર સંબંધિત યોગ્ય સમજૂતી પણ આપવામાં આવી હતી;

b) ડિરેક્ટરોએ એવી હિસાબી નીતિઓ પસંદ કરી હતી અને તેને સતત લાગુ કરી હતી તેમજ વ્યાજબી અને સમજદાર એવા નિર્ણયો અને અંદાજો તૈયાર કર્યા હતા જેથી નાણાંકીય વર્ષના અંતે તે સમયગાળા માટે કંપનીનો નફો અને નુકસાન સહિત કંપનીની સ્થિતિનો સાચો અને ન્યાયી દૃષ્ટિકોણ મળી શકે.;

c) ડિરેક્ટરોએ કંપનીની મૂડીની સુરક્ષા માટે અને છેતરપિંડી અને અન્ય અનિયમિતતાઓને રોકવા અને શોધવા માટે કંપની અધિનિયમ, 2013 ની જોગવાઈઓ અનુસાર પર્યાપ્ત હિસાબી રેકર્ડની જાળવણી માટે યોગ્ય અને પર્યાપ્ત કાળજી લીધી હતી;

d) ડિરેક્ટરોએ કંપની આર્થિક રીતે પર્યાપ્ત સ્થિર રહે તે ધોરણે વાર્ષિક હિસાબો તૈયાર કર્યા હતા; અને

e) ડિરેક્ટરોએ તમામ લાગુ પડતા કાયદાઓની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પ્રણાલીઓ ઘડી કાઢી હતી અને આવી પ્રણાલીઓ પર્યાપ્ત અને અસરકારક રીતે કાર્યરત હતી.

## ૨૬. રોકાણકારોના શિક્ષણ અને સંરક્ષણ ભંડોળમાં રકમનું ટ્રાન્સફર:

તમારી કંપનીને રોકાણકાર શિક્ષણ અને સંરક્ષણ ભંડોળમાં કોઈપણ રકમ ટ્રાન્સફર કરવાની જરૂર નથી.

## ૨૭. સ્વીકૃતિઓ:

તમારા ડિરેક્ટરો ગુજરાત સરકાર, સમગ્ર શિક્ષા અભિયાન, કંપનીના રજિસ્ટ્રાર, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ અને સ્ટેટ્યુટરી ઓડિટર્સ, બેંકર્સ, અધિકારીઓ અને કંપનીના સ્ટાફ દ્વારા મળેલ સહકાર માટે તેમની નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરે છે. તેમના સહકાર અને સમર્થન સતત મળતા રહે તેવી અપેક્ષા રાખે છે.

**ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લિમિટેડ (GET)ના**
**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી**

**તારીખ: 26/06/2023**
**સ્થળ: ગાંધીનગર**

**સહી/-**
**(ડો. વિનોદ રાવ, IAS)**
**અધ્યક્ષ અને ડિરેક્ટર**
**(DIN: 02942793)**

**GET**

**બોર્ડ રિપોર્ટ**

**પરિશિષ્ટ અનુક્રમણિકા**

| પરિશિષ્ટ | વિગત |
|---|---|
| A. | તા.09/03/2021 થી રિપોર્ટની તારીખ સુધી મુખ્ય વ્યવસ્થાપક કર્મચારી અને બોર્ડ ઓફ્ ડિરેક્ટર્સમાં થયેલ ફેરફારોની વિગતો |
| B. | ઊર્જા સંરક્ષણ, ટેક્નોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવકની વિગતો |

**પરિશિષ્ટ – A**

તા.09/03/2021 થી રિપોર્ટની તારીખ સુધી મુખ્ય વ્યવસ્થાપક કર્મચારી અને બોર્ડ ઓફ્ ડિરેક્ટર્સમાં થયેલ ફેરફારોની વિગતો:

| ક્રમ | ડિરેક્ટરના નામ અને હોદ્દો | હોદ્દો | નિમણૂંકની તારીખ | સમાપ્તિની તારીખ |
|---|---|---|---|---|
| 1. | ડો. વિનોદ રાવ, IAS | અધ્યક્ષ | 09/03/2021 | હાલમાં કાર્યરત |
| 2. | શ્રીમતી પી. ભારતી, IAS | મેનેજિંગ ડિરેકટર | 09/03/2021 | 17/07/2021 |
| 3. | ડો. રતનકંવર ગઢવીચારણ, IAS | મેનેજિંગ ડિરેકટર | 17/07/2021 | હાલમાં કાર્યરત |
| 4. | શ્રીમતી અંકિતાબેન સંગાડા | ડિરેકટર | 09/03/2021 | હાલમાં કાર્યરત |
| 5. | શ્રી મહેશકુમાર આઇ. જોષી | ડિરેકટર | 16/03/2021 | હાલમાં કાર્યરત |
| 6. | શ્રી તુળજાશંકર એસ. જોષી | ડિરેકટર | 16/03/2021 | 14/09/2022 |
| 7. | શ્રી ડી. એસ. પટેલ | ડિરેકટર | 14/09/2022 | હાલમાં કાર્યરત |

**પરિશિષ્ટ – B**

**કંપની અધિનિયમ, 2013 ની કલમ 134(3)(M) ની શરતો કંપની (હિસાબો) નિયમો, 2014 સાથે વંચાણે લેતાં ઊર્જા સંરક્ષણ, ટેક્નોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવકની વિગતો દર્શાવતા ભાગ સાથે ડિરેક્ટરોનો અહેવાલ તૈયાર થાય છે:**

**(a) ઊર્જા સંરક્ષણ**

| | | |
|---|---|---|
| (i) | લીધેલા પગલાં અથવા ઊર્જા સંરક્ષણ પર અસર | NIL |
| (ii) | ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવા માટે કંપની દ્વારા લેવામાં આવેલા પગલાં | |
| (iii) | ઊર્જા સંરક્ષણના સાધનો માટે કરાયેલ મૂડી રોકાણ | |

**(b ) ટેક્નોલોજી સ્વીકાર:**

| | | |
|---|---|---|
| (i) | ટેક્નોલોજી સ્વીકાર તરફના પ્રયાસો | |
| (ii) | ઉત્પાદન સુધારણા, ખર્ચમાં ઘટાડો, ઉત્પાદન વિકાસ અથવા આયાત અવેજી જેવા લાભો | |
| (ii) | આયાતી ટેક્નોલોજીના કિસ્સામાં, ઉત્પાદન સુધારણા, ખર્ચમાં ઘટાડો, ઉત્પાદન વિકાસ અથવા આયાત અવેજી જેવા લાભો (નાણાંકીય વર્ષની શરૂઆતથી ગણવામાં આવતા છેલ્લા ત્રણ વર્ષમાં આયાત કરવામાં આવેલ) | NIL |
| (iii) | (a ) આયાત કરેલ ટેકનોલોજીની વિગતો | NIL |
| | (b ) આયાતનું વર્ષ; | NIL |
| | (c ) શું ટેક્નોલોજી સંપૂર્ણપણે સ્વીકારી લેવામાં આવી છે | NIL |
| | (d ) જો સંપૂર્ણ રીતે સ્વીકારેલ ન હોય, તો એવા ક્ષેત્રો કે જ્યાં સ્વીકાર થયો નથી, અને તેના કારણો | NIL |
| (iv) | સંશોધન અને વિકાસ પર કરવામાં આવેલ ખર્ચ | – |

**(c) વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવક**

| | | |
|---|---|---|
| (i) | વાસ્તવિક નાણાપ્રવાહની દ્રષ્ટિએ વિદેશી વિનિમયથી વર્ષ દરમિયાન થયેલ આવક | NIL |
| (ii) | વાસ્તવિક નાણાપ્રવાહની દ્રષ્ટિએ વિદેશી વિનિમયથી વર્ષ દરમિયાન થયેલ જાવક | NIL |

**સ્પીડ પોસ્ટ દ્વારા**

SUPREME AUDIT INSTITUTION OF INDIA
लोकहितार्थ सत्यनिष्ठा
Dedicated to Truth in Public Interest


**ક્રમાંક: ટેકનિકલ કોઓપરેશન સેલ/S-2/કોમેન્ટ્સ/GETL/2021-22/OW-233**
**પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ-1)ની કચેરી, ગુજરાત એનેક્સી બિલ્ડીંગ,**
**રેસકોર્સ માર્ગ, પોસ્ટ બેગ નં. 27, રાજકોટ- 360001**
**ટેલીફોન: +91-281-2446836-37, ફેક્સ: +91-281-2476921**
**ઈ-મેલ: pagau1Gujarat@cag.gov.in**

**તારીખ: 23.02.2023**

**પ્રતિ,**
**મેનેજિંગ ડિરેક્ટર,**
**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ,**
**સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર 19**
**નવી ઈન્કવાયરી ઓફિસ પાસે,**
**ગાંધીનગર – 382 010**

**વિષય:–** 31 માર્ચ 2022 ના રોજ પૂર્ણ થતા વર્ષ માટે **ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના** હિસાબોના સંદર્ભમાં કંપની અધિનિયમ, 2013 નીકલમ 143 (6) (b) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણી

મહોદય,

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના** હિસાબોના સંદર્ભમાં 31 માર્ચ 2022 ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપની એક્ટ 2013ના 143(6)(b) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણીઓ, કંપનીની વાર્ષિક સામાન્ય સભા સમક્ષ મૂકવા માટે આ સાથે સામેલ રાખી મોકલી છે જેના પર કૃપા કરીને ધ્યાને લેશો.

કંપની અધિનિયમ, 2013 ની કલમ 143 (6) (b) હેઠળ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણીઓ વાર્ષિક સામાન્ય સભા સમક્ષ તેજ સમયે અને ઑડિટરના અહેવાલની જેમ જ રજૂ કરવી જરૂરી છે. કંપનીની વાર્ષિક સામાન્ય સભા પહેલાં ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણીઓ મૂકવાની તારીખ અત્રેની કચેરીને અનુગામી પત્રવ્યવહાર દ્વારા જાણ કરવા વિનંતી છે.

અત્રેની કચેરીના ઉપયોગ અને રેકર્ડ માટે છાપેલ અહેવાલની છ નકલો ભાવિ પત્રવ્યવહાર દ્વારા મોકલવી. કૃપા કરીને આ પત્ર અને તેના બિડાણો મળ્યા બદલની જાણ કરશો.

**બિડાણ – ઉપર મુજબ**

**આપના વિશ્વાસુ,**

**સહી/-**
ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ
(ઓડિટ મેનેજમેન્ટ ગ્રુપ-1)

**31 માર્ચ, 2022ના રોજ પૂર્ણ થતા નાણાંકીય વર્ષ માટે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડના ગાંધીનગરના નાણાંકીય હિસાબો પર કંપની અધિનિયમ, 2013 ની કલમ 143 (6) (b) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણીઓ**

કંપની અધિનિયમ, 2013 (અધિનિયમ) હેઠળ નિર્ધારિત નાણાંકીય રિપોર્ટિંગ ફ્રેમવર્ક અનુસાર 31 માર્ચ 2022 ના રોજ પૂરા થયેલા વર્ષ માટે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના નાણાંકીય હિસાબો તૈયાર કરવાની જવાબદારી કંપનીના મેનેજમેન્ટની છે. કાયદાની કલમ 139(7) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા નિયુક્ત કરાયેલ સ્ટેચ્યુટરી ઓડિટર, કલમ 143 હેઠળ નિર્ધારિત ઓડિટના ધારાધોરણો અનુસાર સ્વતંત્ર ઓડિટના આધારે નાણાંકીય હિસાબો પર અધિનિયમની કલમ 143(10) હેઠળ અભિપ્રાય વ્યક્ત કરવા માટે જવાબદાર છે. જે તેમના દ્વારા 29 ડિસેમ્બર 2022 ના રોજ ઓડિટ રિપોર્ટ દ્વારા કરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે.

મેં, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ વતી, કાયદાની કલમ 143(6)(a) હેઠળ 31 માર્ચ 2022 ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના નાણાંકીય હિસાબોનું પૂરક ઓડિટ કર્યું છે. આ પૂરક ઓડિટ સ્ટેચ્યુટરી ઓડિટરના કાર્યકારી કાગળોના અભ્યાસ વિના સ્વતંત્ર રીતે હાથ ધરવામાં આવ્યું અને તે મુખ્યત્વે સ્ટેચ્યુટરી ઓડિટર અને કંપનીના કર્મચારીઓની પૂછપરછ અને કેટલાક પસંદગીના હિસાબી રેકર્ડની ચકાસણી સુધી મર્યાદિત હોય છે.

મારા પૂરક ઓડિટના આધારે મારી જાણમાં એવું કંઈપણ નોંધપાત્ર આવ્યું નથી કે જે કાયદાની કલમ 143(6)(b) હેઠળ સ્ટેચ્યુટરી ઓડિટરના અહેવાલ પર કોઈપણ ટિપ્પણી અથવા તેની પૂરકતાને ઉત્તેજન આપે.

**ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ માટે અને વતી**

**સહી/-**
**(ડી. આર. પાટીલ)**
પ્ર. એકાઉન્ટન્ટ જનરલ
(ઓડિટ-I)
ગુજરાત, રાજકોટ.

**સ્થળ: રાજકોટ**
**તારીખ: 23.02.23**

## સ્વતંત્ર ઓડિટ અહેવાલ

**પ્રતિ,**

**સભ્યશ્રીઓ,**

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ**

**નાણાંકીય હિસાબો પર અહેવાલ**

અમે **ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ** ("કંપની") ના નાણાંકીય હિસાબોનું ઓડિટ કર્યું છે, જેમાં 31 માર્ચ, **2022** ની સ્થિતિએ સરવૈયું અને 31 માર્ચ, 2022 ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટેના નફા અને નુકસાનના વિવરણ અને નોંધપાત્ર હિસાબી નીતિઓ અને અન્ય સમજૂતી આપતી માહિતીના સારાંશનો સમાવેશ થાય છે.

**નાણાંકીય હિસાબો માટે મેનેજમેન્ટની જવાબદારી:**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ કંપની અધિનિયમ, 2013 ("અધિનિયમ") ની કલમ 134(5) માં આ નાણાંકીય હિસાબો તૈયાર કરવાના સંદર્ભમાં એવી બાબતો માટે જવાબદાર છે જે નાણાંકીય સ્થિતિ અને નાણાંકીય સ્થિતિનો સાચો અને ન્યાયી દ્રષ્ટિકોણ આપે છે. કંપની (હિસાબો નિયમો, 2014 ના નિયમ **7** સાથે અધિનિયમની કલમ 133 હેઠળ નિર્દિષ્ટ હિસાબી ધારાધોરણો સહિત, ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અનુસાર કંપનીનું પ્રદર્શન અને નાણા પ્રવાહ જાળવણીનો પણ આ જવાબદારીમાં સમાવેશ થાય છે. કંપનીની મિલકતોની સુરક્ષા માટે અને છેતરપિંડી અને અન્ય અનિયમિતતાઓને રોકવા અને શોધવા માટે કાયદાકીય જોગવાઈ અનુસાર પર્યાપ્ત હિસાબી રેકર્ડ, યોગ્ય હિસાબી નીતિઓની પસંદગી અને અમલીકરણ; ચુકાદાઓ અને અંદાજો બનાવવા જે વાજબી અને સમજદારીપૂર્વકના હોય; અને આંતરિક નાણાંકીય નિયંત્રણની રચના, અમલીકરણ અને જાળવણી, જે હિસાબી રેકર્ડની ચોકસાઈ અને સંપૂર્ણતાને સુનિશ્ચિત કરવા માટે અસરકારક રીતે કાર્ય કરે છે, જે નાણાંકીય હિસાબો તૈયાર કરીને તેના પ્રેઝન્ટેશન સાથે સંબંધિત છે, જે સાચા અને ન્યાયપૂર્ણ દ્રષ્ટિકોણ આપે છે અને છેતરપિંડી કે ભૂલથી પણ હિસાબો ત્રુટિઓથી મુક્ત છે.

**ઓડિટરની જવાબદારી:**

અમારા ઓડિટના આધારે આ નાણાંકીય હિસાબો પર અભિપ્રાય વ્યક્ત કરવાની અમારી જવાબદારી છે. અમે અધિનિયમની જોગવાઈઓ, એકાઉન્ટિંગ અને ઓડિટીંગ ધારાધોરણો અને જે બાબતોને કાયદાકીય જોગવાઈઓ અને તે હેઠળ બનાવેલા નિયમો હેઠળ ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ કરવાની આવશ્યકતા છે તે તમામ ધ્યાનમાં લીધી છે.

અમે અધિનિયમની કલમ 143(10) હેઠળ ઉલ્લેખિત ઓડિટના ધારાધોરણો અનુસાર અમારું ઓડિટ કર્યું છે. તે ધારાધોરણો માટે જરૂરી છે કે અમે નૈતિક આવશ્યકતાઓનું પાલન કરીએ અને નાણાંકીય હિસાબો ભૌતિક ખોટા વિવરણથી મુક્ત છે કે કેમ તે અંગે વાજબી ખાતરી મેળવવા માટે આયોજન કરીને ઓડિટ કરીએ છીએ.

ઓડિટમાં નાણાંકીય હિસાબોમાંની રકમ અને વિવરણ વિશે ઓડિટ પુરાવા મેળવવા માટેની કાર્યવાહીનો સમાવેશ થાય છે. પસંદ કરેલી પ્રક્રિયાઓ ઓડિટરના નિર્ણય પર આધાર રાખે છે, જેમાં નાણાંકીય હિસાબોના ભૌતિક ખોટા વિવરણના જોખમોના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે, પછી ભલે તે છેતરપિંડી અથવા ભૂલને કારણે હોય. તે જોખમના મૂલ્યાંકન કરતી વખતે, ઑડિટર જે તે સંજોગોમાં યોગ્ય હોય તેવી ઑડિટ પ્રક્રિયાઓ ડિઝાઇન કરવા માટે

સાચા અને ન્યાયપૂર્ણ દ્રષ્ટિકોણ આપતા નાણાંકીય હિસાબો કંપનીની સજ્જતા સાથે સંબંધિત આંતરિક નાણાંકીય નિયંત્રણને ધ્યાનમાં લે છે. ઑડિટમાં ઉપયોગમાં લેવાતી એકાઉન્ટિંગ નીતિઓની યોગ્યતા અને કંપનીના ડિરેક્ટર્સ દ્વારા કરવામાં આવેલા એકાઉન્ટિંગ અંદાજોના વ્યાજબીપણાનું મૂલ્યાંકન તેમજ નાણાંકીય હિસાબોની એકંદર પ્રસ્તુતિનું મૂલ્યાંકન કરવાનો પણ સમાવેશ થાય છે.

અમે માનીએ છીએ કે અમે મેળવેલ ઓડિટ પુરાવા નાણાંકીય હિસાબો પર ઓડિટ અભિપ્રાય માટે આધાર પૂરો પાડવા માટે પૂરતા અને યોગ્ય છે.

**અભિપ્રાય**

અમે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ ("કંપની") ના માત્ર નાણાંકીય હિસાબોનું ઓડિટ કર્યું છે, જેમાં 31 માર્ચ, 2022 ના સરવૈયા અને નફા અને નુકસાન તેમજ નાણાંકીય હિસાબોની નોંધોનો સમાવેશ થાય છે, જેમાં નોંધપાત્ર સારાંશ, હિસાબ સંબંધિત નીતિઓ અને અન્ય સમજૂતી આપતી માહિતીનો સમાવેશ થાય છે.

અમારા મતે, અને અમારી પાસે ઉપલબ્ધ માહિતી મુજબ તેમજ ઉપરોક્ત નાણાંકીય હિસાબો અમને આપવામાં આવેલા સ્પષ્ટતા મુજબ, ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો, 31મી માર્ચ, 2022 એ કંપનીની સ્થિતિ અને નફો–નુકસાન તેમજ તે તારીખે પૂરા થતા વર્ષના નાણાંકીય હિસાબોની નોંધનો સાચો અને ન્યાયપૂર્ણ દ્રષ્ટિકોણ આપે છે.

**ભારપૂર્વક જણાવવા યોગ્ય બાબતો:**

**તમારું ધ્યાન આ તરફ દોરવામાં આવે છે: –**

નાણાંકીય હિસાબોની નોંધ ક્રમાંક 2(f) મુજબ, ચૂકવેલ શેર મૂડી રૂ. 1,00,000/- ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સમગ્ર શિક્ષા દ્વારા ચૂકવવામાં આવ્યા છે, કારણ કે જે તે નાણાંકીય વર્ષ 2020-21 માટે રાજ્ય સરકારના બજેટમાં કોઈ અંદાજપત્રીય જોગવાઈ ન હતી, કેમ કે કંપનીની રચના ૭મી માર્ચ, 2021ના રોજ કરવામાં આવી હતી. વધુમાં, વર્ષ 2021-22 માટે પણ અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી ન હતી.

અમને જાણ કરવામાં આવેલ છે કે ગુજરાત સરકારે લવાજમની રકમ રૂ. 1,00,000/- તા.15–ડિસે–2022 ના રોજ GR નંબર ETV/1221/462/N, તારીખ 29/11/2022 થી ચૂકવેલ છે. તેથી, નાણાંકીય વર્ષ 2022-23 માં, SSA ના બાકી બેલેન્સ સામે એડજસ્ટમેન્ટ એન્ટ્રી પસાર કરવામાં આવી છે અને તે મુજબ નાણાંકીય વર્ષ 2022-23 માટે હિસાબી બુકમાં હિસાબી અસર આપવામાં આવી છે.

કંપની અધિનિયમ, 2013 ની કલમ 10A(1)(a) અને કંપની (રચના) નિયમો, 2014 ના નિયમ 23A મુજબ તમામ કંપનીઓએ કંપની રચાયા તારીખથી 180 દિવસની અંદર ફોર્મ INC 20A માં એકરારનામું ફાઇલ કરવું આવશ્યક છે. MOA ના દરેક સબ્સ્ક્રાઇબરે તેમના દ્વારા લેવા માટે સંમત થયેલા શેરની કિંમત ચૂકવી છે તે દર્શાવતા ઈ–ફોર્મમાં જ બોર્ડના ઠરાવના સ્વરૂપમાં ડિરેક્ટર્સ તરફથી તમામ જોડાણો સાચા, યોગ્ય અને સંપૂર્ણ છે અને તે બદલ એક એકરારનામું આપવાનું રહે છે. આ ઉપરાંત, સબસ્ક્રાઇબર્સ દ્વારા પેઇડ–અપ શેર મૂડીની ચુકવણીનો પુરાવો પણ ઈ–ફોર્મમાં જોડવો જરૂરી છે. ઉપરોક્ત આવશ્યકતાઓનું પાલન કરવા માટે નિયત ફોર્મ ફાઇલ કરવામાં આવ્યું હતું.

આમ, અમારો અહેવાલ એડજસ્ટમેન્ટ એન્ટ્રીને આધીન છે જે એસએસએના બાકી બેલેન્સ સામે પસાર થાય છે અને નાણાંકીય વર્ષ 2022-23 માટેના હિસાબી બુકોમાં તેની હિસાબી અસર આપવામાં આવેલ છે.

**અન્ય કાનૂની અને નિયમનકારી**

**આવશ્યકતાઓ પર અહેવાલ:**

1. કંપની અધિનિયમ 2013 ની કલમ 143(5) હેઠળના નિર્દેશો, ભારતના વરિષ્ઠ ઓડિટ અધિકારી, કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા જારી કરવામાં આવ્યા છે, જે સરકારી કંપનીને લાગુ પડતા નથી.

2. અધિનિયમની કલમ 143(3) દ્વારા આવશ્યકતા મુજબ, અમે જાણ કરીએ છીએ કે:

a) અમે અમારી જાણકારી અને માન્યતા મુજબ અમારા ઓડિટના હેતુઓ માટે જરૂરી તમામ માહિતી અને સ્પષ્ટતાઓ માંગી અને મેળવી છે.

b) અમારા મતે કાયદા દ્વારા જરૂરી હિસાબી પુસ્તકો કંપની દ્વારા અત્યાર સુધી નિભાવવામાં આવ્યાં છે, જે આ પુસ્તકોની અમારી તપાસ પરથી જણાય છે.

c) સરવૈયું, નફો અને નુકસાનનું નિવેદન, જે આ અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે, તે નિભાવવામાં આવેલ હિસાબી પુસ્તકો મુજબ છે.

d) અમારા મતે, ઉપરોક્ત નાણાંકીય નિવેદનો કંપની (હિસાબી) નિયમો, 2014 ના નિયમ 7 સાથે વંચાણે લેતા કાયદાની કલમ 133 હેઠળ ઉલ્લેખિત હિસાબી ધારાધોરણોનું પાલન કરે છે.

e) 31 માર્ચ, 2022ના રોજ ડિરેક્ટર્સ તરફથી મળેલી લેખિત રજૂઆતના આધારે, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા રેકોર્ડ પર લેવામાં આવે છે કે, 31 માર્ચ, 2022 ના રોજ અધિનિયમની કલમ 164(2) અન્વયે કોઈ પણ ડિરેક્ટરને ડિરેક્ટર તરીકે નિમણૂક કરવા માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા નથી.

f) કંપનીના નાણાંકીય રિપોર્ટિંગ પર આંતરિક નાણાંકીય નિયંત્રણની પર્યાપ્ત ઉપલબ્ધતા અને આવા નિયંત્રણોની કાર્યકારી અસરકારકતાના સંદર્ભમાં, **"પરિશિષ્ટ A"** માં અલગથી અમારા અહેવાલનો અભ્યાસ કરો અને

g) કંપનીઝ (ઓડિટ અને ઓડિટર્સ) નિયમો, 2014 ના નિયમ 11 અનુસાર ઓડિટરના અહેવાલમાં સમાવિષ્ટ અન્ય બાબતોના સંદર્ભમાં, અમારા મતે અને અમારી શ્રેષ્ઠ ઉપલબ્ધ માહિતી મુજબ અને અમને આપવામાં આવેલા ખુલાસા અનુસાર છે :

   i. કંપની પાસે એવા કોઈ અનિર્ણિત દાવાઓ નથી જે તેની નાણાંકીય સ્થિતિને અસર કરે.

   ii. કંપની પાસે વ્યુત્પાદિત (derivative) કોન્ટ્રાક્ટ્સ સહિત કોઈ લાંબા ગાળાના કોન્ટ્રાક્ટ્સ નહોતા કે જેના માટે કોઈ નુકસાન સંભવિત હોય.

   iii. 31 માર્ચ, 2022 ના રોજ પૂરા થયેલા વર્ષ દરમિયાન કંપની દ્વારા રોકાણકાર શિક્ષણ અને સંરક્ષણ ભંડોળમાં ટ્રાન્સફર કરવાની આવશ્યકતા ધરાવતી કોઈ રકમ ન હતી.

***વતી, શાહ પટેલ શુક્લા અને સહયોગીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ***

**સહી/–**
**હિરેન શાહ**
**પાર્ટનર**
**M. No.: 131785**
**UDIN : 22131785BGNWEX6188**
**FRN : 129861W**

**સ્થળ: અમદાવાદ**
**તારીખ: 29/12/2022**

## સ્વતંત્ર ઓડિટર અહેવાલ પર પરિશિષ્ટ A

### કંપની અધિનિયમ, 2013 ("અધિનિયમ") ની કલમ 143 ની પેટા–કલમ 3 ની શરત (i) હેઠળ આંતરિક નાણાંકીય નિયંત્રણો પર અહેવાલ

31 માર્ચ 2022 ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે કંપનીના નાણાંકીય હિસાબોના અમારા ઓડિટના આધારે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ ("કંપની") ના નાણાંકીય અહેવાલો પરના આંતરિક નાણાંકીય નિયંત્રણોનું અમે ઓડિટ કર્યું છે.

### આંતરિક નાણાંકીય નિયંત્રણો માટે મેનેજમેન્ટની જવાબદારી

નાણાંકીય અહેવાલ પર આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઓડિટ પર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ('ICAI') સંસ્થા દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા નોંધમાં જણાવેલ આંતરિક નિયંત્રણના આવશ્યક ઘટકોને ધ્યાનમાં લઈને કંપની દ્વારા સ્થાપિત નાણાંકીય અહેવાલ અંગેના માપદંડ પરના આંતરિક નિયંત્રણના આધારે આંતરિક નાણાંકીય નિયંત્રણો સ્થાપિત કરવા અને જાળવવા માટે કંપનીનું મેનેજમેન્ટ જવાબદાર છે. આ જવાબદારીઓમાં પર્યાપ્ત આંતરિક નાણાંકીય નિયંત્રણોની રચના, અમલીકરણ અને જાળવણીનો સમાવેશ થાય છે જે દર્શાવે છે કે વ્યવસાયના સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ આચરણને સુનિશ્ચિત કરવા માટે વિવિધ ઘટકો અસરકારક રીતે કાર્યરત હતા, જેમાં કંપનીની નીતિઓનું પાલન, તેની સંપત્તિની સુરક્ષા, છેતરપિંડી અને ભૂલોની રોકથામ અને શોધ, હિસાબી રેકર્ડની ચોકસાઈ અને સંપૂર્ણતા, અને કંપની અધિનિયમ, 2013 હેઠળ જરૂરી વિશ્વસનીય નાણાંકીય માહિતી સમયસર તૈયાર કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

### ઓડિટરની જવાબદારી

અમારી જવાબદારી અમારા ઓડિટના આધારે નાણાંકીય રિપોર્ટિંગ પર કંપનીના આંતરિક નાણાંકીય નિયંત્રણો પર અભિપ્રાય વ્યક્ત કરવાની છે. અમે ICAI દ્વારા જારી કરાયેલ અને કંપની અધિનિયમ, 2013ની કલમ 143(10) હેઠળ નિર્ધારિત માનવામાં આવતા નાણાંકીય અહેવાલ ("માર્ગદર્શન નોંધ") પરના આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઑડિટ પરની માર્ગદર્શિકા નોંધ ("માર્ગદર્શન નોંધ") અને ઑડિટિંગ માટેના ધારાધોરણો અનુસાર અમારું ઑડિટ કર્યું છે. આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઓડિટને લાગુ પડતી હદ સુધી, આ બંને બાબતો આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઓડિટને લાગુ પડે છે અને, બંને ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા દ્વારા જારી કરવામાં આવેલ છે. તે ધારાધોરણો અને માર્ગદર્શિકા નોંધ માટે જરૂરી છે કે અમે નૈતિક આવશ્યકતાઓનું પાલન કરીએ અને નાણાંકીય રિપોર્ટિંગ પર પર્યાપ્ત આંતરિક નાણાંકીય નિયંત્રણો સ્થાપિત અને જાળવવામાં આવ્યા છે કે કેમ અને જો આવા નિયંત્રણો તમામ બાબતોમાં અસરકારક રીતે લાગુ પડે છે કે કેમ તે અંગે વાજબી ખાતરી મેળવવા માટે આયોજન અને ઑડિટ કરીએ.

અમારા ઓડિટમાં નાણાંકીય રિપોર્ટિંગ પર આંતરિક નાણાંકીય નિયંત્રણ પ્રણાલીની પર્યાપ્ત ઉપલબ્ધતા અને તેમની કાર્યકારી અસરકારકતા વિશે ઓડિટ પુરાવા મેળવવા માટેની કાર્યવાહીનો સમાવેશ થાય છે. નાણાંકીય રિપોર્ટિંગ પરના આંતરિક નાણાંકીય નિયંત્રણોના અમારા ઓડિટમાં, નાણાંકીય રિપોર્ટિંગ પર આંતરિક નાણાંકીય નિયંત્રણોની સમજ મેળવવા, કોઈ ભૌતિક નબળાઈ અસ્તિત્વમાં છે કે કેમ તે જોખમનું મૂલ્યાંકન કરવું અને મૂલ્યાંકિત જોખમના આધારે આંતરિક નિયંત્રણની ડિઝાઇન અને કાર્યકારી અસરકારકતાનું પરીક્ષણ અને મૂલ્યાંકન સામેલ છે. પસંદ કરેલી પ્રક્રિયાઓ ઓડિટરના નિર્ણય પર આધાર રાખે છે, જેમાં નાણાંકીય હિસાબોના ભૌતિક ખોટા નિવેદનના જોખમોના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે, પછી ભલે તે છેતરપિંડી માટે અથવા ભૂલને કારણે થયેલ હોય.

અમે માનીએ છીએ કે અમે મેળવેલા ઓડિટ પુરાવા નાણાંકીય રિપોર્ટિંગ પર કંપનીની આંતરિક નાણાંકીય નિયંત્રણ સિસ્ટમ પર અમારા ઓડિટ અભિપ્રાય માટે આધાર પૂરો પાડવા માટે પૂરતા અને યોગ્ય છે.

**નાણાંકીય રિપોર્ટિંગ પર આંતરિક નાણાંકીય નિયંત્રણોનો અર્થ**

નાણાંકીય રિપોર્ટિંગ પર કંપનીનું આંતરિક નાણાંકીય નિયંત્રણ એ નાણાંકીય રિપોર્ટિંગની વિશ્વસનીયતા અને સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અનુસાર બાહ્ય હેતુઓ માટે નાણાંકીય હિસાબો તૈયાર કરવા અંગે વાજબી ખાતરી આપવા માટે રચાયેલ પ્રક્રિયા છે. નાણાંકીય રિપોર્ટિંગ પર કંપનીના આંતરિક નાણાંકીય નિયંત્રણમાં હોય તે નીતિઓ અને પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે જે (1) રેકર્ડની જાળવણીને લગતી હોય છે જે, વ્યાજબી વિગતમાં, કંપનીની મિલકતોના વ્યવહારો અને પ્રકૃતિને સચોટ અને વાજબી રીતે પ્રતિબિંબિત કરે છે; (2) વ્યાજબી ખાતરી પૂરી પાડો કે સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અનુસાર નાણાંકીય હિસાબો તૈયાર કરવા માટે જરૂરી આધાર તરીકે નાણાંકીય વ્યવહારોની નોંધ કરવામાં આવે છે, અને કંપનીની આવક અને ખર્ચ, કંપનીના મેનેજમેન્ટ અને ડિરેક્ટરોની અધિકૃતતાઓ અનુસાર જ કરવામાં આવે છે; અને (3) કંપનીની મિલકતોના અનધિકૃત સંપાદન, ઉપયોગ અથવા નિકાલની રોકથામ અથવા સમયસર શોધ અંગે વાજબી ખાતરી પૂરી પાડે છે જે નાણાંકીય હિસાબો પર ભૌતિક અસર કરી શકે છે.

**નાણાંકીય રિપોર્ટિંગ પર આંતરિક નાણાંકીય નિયંત્રણો અંતર્ગત મર્યાદાઓ**

